## હા... સાહેબ !

''જામી ગયુ વાતાવરણ હોં...!!''

''ચૂંટણીના વાતાવરણની વાત કરો છો ને..?!''

''હાસ્તો વળી, ટાણે જ ગાણાં ગવાયને. અને હવે ના જામે તો ક્યારે જામે..?''

''હં... સાહેબના બે દિવસના પ્રવાસથી તમારાવાળામાં હોંશ આવી ગયા. જે માંડ માંડ ચાલતા હતા તે દોડવા લાગ્યા. ચહેરા ઉપર તેજી દેખાવા લાગી. ખરૂને..?!''

''... એ તો ફરક પડે જ ને. ઊર્જાનો સ્ત્રોત આવે એટલે કાર્યકરોમાં જોમ-જુસ્સો તો આવે જ ને. હવે અમારા કાર્યકરો ચકાચક થઈ ગયા. પણ જોઈએ હવે કાલ તમારા નેતા આવે છે ને..?!''

''હા એટલે અમારી જમાવટ થશે. અમારા કાર્યકરો રંગમાં આવશે અને જંગ લડવાના મુડમાં આવી જશે. તમે માનો કે ના માનો અમારાવાળા પ્રચારમાં આગળ છે. તમારે કોપી પેસ્ટ કરવી પડે છે..!''

''ના ભઈ ના... એ તો તમારો વહેમ છે. તમે વિકાસના નામે ગાંડા કાઢો એટલે અમારે માની લેવાનુ ? અને પ્રજા ઓછી માને છે..?''

''પ્રજાને તો સીધુ સટ્ટ દેખાય છે. વિકાસ એટલે ગુજરાત અને ગુજરાત એટલે વિકાસ...''

''ઓ...હો...હો...હો... તમેય હવામાં આવી ગયા. હજુ તો ચોટીલામાં એરપોર્ટનું ખાતમુહૂર્ત જ કર્યું છે. આટલા બધા હવામાં ના આવો. તમારાવાળાને તો ખાતમુહૂર્ત કરવાના શોખ છે. તમને ખબર છે ? સાત વર્ષ પહેલા ધોલેરામાં એરપોર્ટનું ખાતમુહૂર્ત કર્યું હતું. વિમાન તો ના ઉડ્યું, બસ પણ બંધ થઈ ગઈ. એટલે ફુલાઈ ન જવુ. આ તો બધા ચૂંટણીના પ્રપંચ.''

''ખરા છો તમે હો. પાણીમાંથી પોરાં શોધવા એટલે શોધવા જ. નેવુ ટકા કામ થાય એ દેખાતા નથી અને દસ ટકા રહી ગયા હોય એના બ્યૂગલો ફૂંકવાના...!''

''ટકામાં તો પડશો જ નહીં. તમારાં જ અરૂણ શૌરી કહે છે કે વાયબ્રન્ટ સમીટોમાં અબજો કરોડોના રોકાણોની જાહેરાત થાય છે, પણ વાસ્તવમાં તો છ ટકા જ અમલી બને છે. આ અમે નહીં તમારા સાહેબના ખાસમખાસ કહે છે.''

''કહેતા ભી દિવાના ઔર સુનતા ભી દિવાના... તમારે તો વગોવવાના એટલે વગોવવાના જ. હકીકતો તો જુઓ. ગુજરાતમાં રોકાણો માટે કેવુ પોઝીટીવ વાતાવરણ થયું છે અને તમે આંકડાની કથા કરો છો.''

''કથા અમે નથી કરતા. કથા તો તમારે ત્યાં જ ચાલે છે. અમે તો માત્ર પ્રસાદ જ વહેંચીએ છીએ. સાંભળ્યોને આજનો ધડાકો...''

''શું નવુ ગતકડુ લાયા. તમારે તો ધડાકા ધડાકા કરીને ચર્ચાઓ જ કરવી છે અને પ્રજાને ઉશ્કેરવી છે.''

''જુઓ સાહેબ ન સાંભળ્યુ હોય તો સાંભળી લો. દેશના પ્રતિષ્ઠિત અખબારમાં છપાયેલ સમાચાર છે કે તમારા રાષ્ટ્રીય અધ્યક્ષના દિકરાની સંપત્તિમાં એક જ વર્ષમાં સોળ હજાર ગણો વધારો થઈ ગયો. કેવી રીતે થયો..? તમે તો ખાતાં નથીને ખાવા દેતા નથી.''

''ગપ્પુ છે ગપ્પુ... આ તો ટેબલ સ્ટોરી છે. ચૂંટણી સમયે આવા કાદવ કિચડ ઉછાળવાનુ બંધ કરો અને તમે શું કરવાના છો એની વાત કરો. કોઈને બદનામ કરવાથી આપણે ચોખ્ખા નથી થઈ જતા...''

''હા... એ તો ખબર છે કે તમે માનવાના જ નથી અને તમે આવી વાત ક્યારેય માનતા નથી. તમે કહો એ સાચુ અને બીજા બધા કહે એ ગપ્પા..?''

● અનુસંધાન પાન-૫ પર





કરવા ચોથનું વ્રત - ભારતીય સંસ્કૃતિમાં દાંપત્યજીવનની પ્રસંન્નતા અને પતિના આયુષ્ય માટે અનેક વ્રત, જપ, તપ આલેખાયા છે... ઉત્તર ભારતમાં મહિલાઓ પતિના આયુષ્ય માટે કરવા ચોથનું વ્રત કરે છે... ધીમે ધીમે વ્રતનો મહિમા રાષ્ટ્રીય સ્તરે પ્રસરતો જાય છે... ગાંધીનગરમાં પણ સેંકડો મહિલાઓ કરવા ચોથનું વ્રત રાખી સામુહિક પૂજન-અર્ચન કરે છે...

# આજથી કેન્દ્રીય ચૂંટણી પંચ બે દિવસ માટે રાજ્યના પ્રવાસે

**અમદાવાદમાં રાજકીય પક્ષો સાથે બેઠક : મહાત્મા મંદિરમાં કલેક્ટરો સાથે સમીક્ષા બેઠક : મંગળવારે મુખ્ય સચિવ અને પોલીસ વડા સાથે પણ અલગથી બેઠક કરશે**

ગાંધીનગર, તા. ૮

કેન્દ્રીય ચૂંટણી પંચ રાજ્ય વિધાનસભાની આવી રહેલી સામાન્ય ચૂંટણીની સમીક્ષા માટે આજથી બે દિવસના રાજ્યના પ્રવાસે આવી રહેલ છે. કમિશન સોમવારે સવારે આવી માન્ય રાજકીય પક્ષોના આગેવાનો સાથે અમદાવાદ સરકીટહાઉસ ખાતે બેઠક કરશે. આ પછી બપોર બાદ પંચ ગાંધીનગર ખાતે આવશે. બપોરે ૩.૦૦ વાગે જિલ્લા કલેક્ટરો, જિલ્લા પોલીસ અધિક્ષકો અને નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી સાથે સમીક્ષા બેઠક યોજશે. મહાત્મા મંદિર ખાતે આ સમીક્ષા બેઠક યોજવામાં આવી છે.

પંચ દ્વારા રાજ્યના તમામ બુથો પર વી.વી. પેટ સાથે મતદાન યોજાવાનું હોઈ સમીક્ષા બેઠક પૂર્વે મતદાર જાગૃતિ વાનને પ્રસ્થાન કરાવશે જે સમગ્ર રાજ્યમાં જશે અને વી.વી.પેટ વિશે મતદારોને સમજાવશે તેમજ મતદાન જાગૃતિ અભિયાનના શ્રીગણેશ પણ કરશે.

પંચ મંગળવારે સવારે રાજ્યના મુખ્ય સચિવ જે.એન. સિંઘ સાથે બેઠક કરશે. આ પછી પોલીસ વડા સુશ્રી ગીતા જોહરી સાથે બેઠક કરી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ તેમજ રાજ્યમાં કેટલા વધારાના પોલીસ ફોર્સની જરૂરિયાત રહેશે તેની જાણકારી મેળવશે.

સાંજે અમદાવાદ ખાતે પત્રકાર પરિષદ પણ પંચ દ્વારા રાખવામાં આવેલ છે.

ચૂંટણી પંચ દ્વારા ગુજરાતના મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરી દ્વારા તૈયાર કરાયેલ સચિત્ર પુસ્તિકા 'ધી કાઉન્ટ ડાઉન બીગન્સ'નું વિમોચન પણ સોમવારે સમીક્ષા બેઠક પૂર્વે કરવામાં આવશે.

પંચ મંગળવારે સાંજે દિલ્હી પરત જશે અને ત્યારબાદ દિલ્હી ખાતે બેઠક કરશે. આ પછી ચૂંટણીની જાહેરાત થશે તેમ મનાઈ રહ્યું છે.

# જિલ્લામાં ૨૦૧૫-૧૬ના વર્ષમાં ૨૦૦ ગ્રામ પંચાયતોની આવકમાં વધારો જણાયો

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લામાં ૨૦૦ ગ્રામ પંચાયતોની આવકમાં ૨૦૧૪-૧૫ કરતાં ૨૦૧૫-૧૬માં વધારો થયો છે.

લોકલ ફંડ ઓડિટ દ્વારા તૈયાર કરાયેલ અહેવાલમાં આ વિગતો બહાર આવવા પામી છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૨૦૧૩-૧૪ની સરખામણીએ ૨૦૧૪-૧૫માં ૧૪૬ ગ્રામપંચાયતોની આવકમાં વધારો થયેલો જણાયો હતો.

૨૦૧૫-૧૬ના ઓડિટમાં આ સંખ્યા વધીને ૨૦૦ પહોંચી છે. જિલ્લામાં ૩૦૩ ગ્રામ પંચાયતો છે. ૧૦૩ ગ્રામ પંચાયતોમાં આવકના સાધનોમાંથી વધુ આવક મળે તે માટે હવે તંત્ર દ્વારા ખાસ વ્યુહરચના તૈયાર કરવામાં આવશે.

● અનુસંધાન પાન-૫ પર

# ગાંધીનગરમાં યોજાનાર અલ્પેશ ઠાકોરનું જનાદેશ સંમેલન મોકુફ

**તંત્રએ સંમેલનની મંજૂરી ન આપી હોવાના બહાના હેઠળ સભા મોકુફ રાખી : ૨૩ ઓક્ટોબરે જનાદેશ સંમેલન યોજાશે : મોદી અને ભાજપની ગૌરવયાત્રાને આડે હાથ લીધી**

ગાંધીનગર, તા. ૮

અલ્પેશ ઠાકોર ૯મી ઓક્ટોબરે પાટનગરમાં પાંચ લાખની જનમેદની વચ્ચે કયાં પક્ષમાં જોડાય છે તેની જાહેરાત કરવાનો હતો પરંતુ અલ્પેશે આ જનાદેશ સંમેલન મોકુફ રાખતા અનેક તર્ક-વિતર્ક થવા લાગ્યા છે. તંત્રએ સંમેલન સ્થળે સભાની મંજૂરી ન આપી હોવાના બહાના હેઠળ અલ્પેશ ઠાકોરે આ સંમેલન ૨૩ ઓક્ટોબરે રાખ્યુ હોવાની જાહેરાત કરી છે. આ પ્રકારની ગતિવિધીઓ અલ્પેશ ભાજપમાં જોડાય તેવા સંકેતો આપી રહી હોવાનો ગણગણાટ છે. તો બીજી તરફ આ જાહેરાતની સાથે જ અલ્પેશ ઠાકોરે મોદી અને ભાજપની ગૌરવયાત્રાને આડે હાથ લઈ લેતા તે કોંગ્રેસમાં જોડાશે તેમ વિચારવા મજબુર કરી દીધા છે. નોંધનીય બાબત એ છે કે અલ્પેશ તેની ક્ષત્રિય

● અનુસંધાન પાન-૫ પર

## ઈન્દ્રોડાની સભામાં ગેરહાજર રહેલા અલ્પેશે રાત્રે ૧ વાગે આવવુ પડ્યું..!

**આખુ ગામ હઠ પકડીને બેઠુ કે અલ્પેશ આવશે પછી ઉભા થઈશુ ભલે સવાર પડે..!**

ગાંધીનગરને અડીને આવેલા ઈન્દ્રોડા ગામમાં ગઈકાલે સાંજે આઠ વાગે ક્ષત્રીય ઠાકોર સેના દ્વારા અલ્પેશ ઠાકોરની જાહેર સભાનું આયોજન કર્યું હતું. ગ્રામજનો સાંજે સાડા સાતના ટોળુ વળીને સભા સ્થળે ગોઠવાઈ ગયા હતા. પરંતુ અલ્પેશ ઠાકોર ભેદી સંજોગોમાં સભામાં ગેરહાજર રહેતા અનેક તર્કવિતર્ક શરૂ થઈ ગયા હતા. કેમ કે ગઈ સાંજે વડાપ્રધાન મોદી સાહેબ પણ ગાંધીનગરમાં હતા. રાત્રે ૧૦ વાગ્યા પણ અલ્પેશ સભા સ્થળે ન પહોંચ્યો..! આયોજકોએ પોતાના વક્તવ્યો પુરા કર્યા બાદ જાહેરાત કરી કે અલ્પેશ ઠાકોર વ્યસ્ત હોવાને કારણે અને બહાર હોવાથી આવી શકે તેમ નથી તો સભા સંપન્ન કરીએ..! પરંતુ ઠાકોર સેના અને ગ્રામજનો ઉભા જ ન થયા. અલ્પેશ ક્યાં છે તેનો જવાબ આપો..! અલ્પેશે સભામાં આવવું જ પડશે. ભલે મોડા આવે..! અમે સવાર સુધી અહીં જ બેઠા છે..! ગ્રામજનોએ હઠ પકડી..! ૧૨ વાગ્યા પણ કોઈ ઉભુ ન થયુ. આખરે અલ્પેશ ઠાકોરે રાત્રે ૧ વાગે ઈન્દ્રોડા ગામમાં આવવુ પડ્યુ અને અલ્પેશે પોતાની વ્યસ્તતા અને અન્ય અગત્યના સ્થળે હાજરી આપવાનું કારણ ધરી ગ્રામજનોને માફી માંગી હતી. એક કલાક સભા સંબોધી રાત્રે બે વાગ્યે સભા સંપન્ન કરી હતી.

# પ્રધાનમંત્રીએ ખેડૂતો વિશે કોઈ જ ઉલ્લેખ ન કરતાં ખેડૂતોમાં નારાજગી : કિસાન સેના

ગાંધીનગર, તા. ૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુજરાતના બે દિવસના પ્રવાસ દરમ્યાન ગુજરાતના ખેડૂતો વિશે એક પણ જગ્યાએ ઉચ્ચારણ ન કરતાં ખેડૂતોમાં નારાજગી ઉભી થવા પામી હોવાનું ભારતીય કિસાન સેનાના શિવરામ ચૌધરીએ જણાવ્યુ છે.

તેમણે જણાવ્યુ છે કે ઉત્તર ગુજરાતમાં જળસંકટને કારણે ખેડૂતોને પારાવાર નુકશાન સહન કરવુ પડ્યુ છે ત્યારે ખેડૂતો માટે પ્રધાનમંત્રીએ ઉત્તર ગુજરાતમાં પણ

● અનુસંધાન પાન-૫ પર


અગીયારમી વાર્ષિક પુણ્યતીથિએ
ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. શ્રી કમલેશભાઇ અમૃતલાલ જાની
સ્વ. તા. ૯-૧૦-૨૦૦૭
સ્થાપકશ્રી : સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર
દુનિયામાં નથી પણ આપનું દિલમાં અસ્તિત્વ છે,
ઘરમાં નથી પણ આપનું રોમરોમમાં અસ્તિત્વ છે,
આપ નથી પણ આપની યાદીનું અસ્તિત્વ છે,
અહીં નથી પણ પ્રભુના ચરણોમાં અસ્તિત્વ છે,
ગં.સ્વ. કૈલાસબેન કમલેશભાઇ જાની
વૈભવ કમલેશભાઇ જાની — રૂદ્ર વૈભવ જાની
દિપ્તી વૈભવ જાની — વેદ વૈભવ જાની
સમર્પણ પરિવાર



www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ



અભિનવ ક્લીનીક
ગાંધીનગરના વરિષ્ઠ બાળ આરોગ્ય નિષ્ણાંત
ડો. અનિલ વેદ
તેમની સેવાનો આરંભ તા. ૧/૧૦/૨૦૧૭ થી પગરવ હોસ્પિટલ (સેક્ટર-૨૩) ખાતે કરેલ છે.
ઓપીડી સમય : સાંજે ૪ થી ૬ (સોમ થી શનિ)
ડો. અનિલ વેદ નીચેના સમય દરમિયાન અન્ય સ્થળે પણ ઓ.પી.ડી. સેવાઓ માટે ઉપલબ્ધ રહેશે.
(અગાઉથી ફોન પર મુલાકાત લીધેલ હોય તો)

| વાર | સમય | સ્થળ |
|---|---|---|
| મંગળ, બુધ, શુક્ર | સવારે ૮ થી ૯ | સે.૨૧ (રહેઠાણ) પ્લોટ-૭૧૯/૨, પંચશીલ પાર્ક, |
| સોમ થી શનિ | ૧૨ થી ૧ | સે.૧૬ (અભિનવ ક્લીનીક) પ્લોટ નં. ૩૨૭, સેક્ટર-૧૬ |
| સોમ થી શનિ | સાંજે ૬ થી ૭.૪૫ | સે.૧૬ (અભિનવ ક્લીનીક) પ્લોટ નં. ૩૨૭, સેક્ટર-૧૬ |
| સોમ થી શનિ | રાત્રે ૮ થી ૯ | સે.૨૧ (રહેઠાણ) પ્લોટ-૭૧૯/૨, પંચશીલ પાર્ક, |

સંપર્ક : રહેઠાણ : ૨૩૨ ૨૧૦૬૪, ક્લીનીક : ૨૩૨૨૨૮૬૫, મો. ૯૪૨૮૦૧૮૨૮૪



ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN®
ashirvad
BENELAVE™
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭



ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com